જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૨/૨૦૧૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૩૦૧/૧૫**

## 1091 મહિલા હેલ્પ લાઈનની પ્રશંસનીય કામગીરી

તારીખ 10/02/2015 ના રોજ બપોરે પોલીસ હાર્ટ 1091 મહિલા હેલ્પ લાઇન ઉપર જશવંત ભાઈ ( નામ બદલેલ છે) નો ફોન આવ્યો હતો અને જશવંત ભાઈએ જણાવેલ કે અમારા પાડોશી શીતલ બહેન કામ અર્થે બહારગામ ગયેલ છે અને તેમને મને ફોન કરીને જણાવેલ કે મારો દીકરો કેયુરભાઈ અને તેની પત્ની તેમના નાના બાબાને કોઈ સગાંના ત્યાં મુકીને આત્મહત્યા કરવા માટે નીકળી ગયેલ છે તો તેમને બચાવી લ્યો જેથી જશવંત ભાઈએ અત્રે 1091 માં ફોન કરેલ જેથી પોલીસ હાર્ટ 1091 મહિલા હેલ્પ લાઇનની ટીમે બાબતની ગંભીરતાને સમજતા સમયસુચકતા વાપરીને તાત્કાલિક આનંદનગર પોલીસ વાન તેમના નિવાસ સ્થાને મોકલી તપાસ કરેલ અને સતત મોનીટરીંગ કરી જશવંતભાઈ અને શીતલ બહેનના કોન્ટેકમાં રહી કેયુરભાઈ અને તેમની પત્નીને શોધવાનાં પ્રયાસો હાથ ધરેલ અને થોડીવાર પછી ગાંધીનગર પોલીસ કંટ્રોલ રૂમને મેસેજ મળ્યો કે ડભોડા કેનાલ જોડે બે વ્યક્તિ આત્મહત્યા કરવા આવેલા છે અને તેમને અહિયાં રોકી રાખેલ છે તે મેસેજ ત્યાંના સિક્યુરીટીએ આપ્યો હતો અને ત્યાં પોલીસ પહોચી તેમને બચાવી લેવામાં આવ્યા હતા અને તેમના મમ્મી શીતલ બહેનને જાણ કરી સહી સલામત સોપવામાં આવ્યા હતા, આમ અમદાવાદ પોલીસ અને ગાંધીનગર પોલીસે સતત મોનીટરીંગ કરી ગણતરીના કલાકોમાં તેમને શોધી આત્મહત્યા કરતાં બચાવી લેવામાં આવ્યા હતા અને તેમની સાથે કોઈ અનઈચ્છનીય ઘટના બનતા અટકાવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.